**<u>ક્રીમીનલ કેસ નં.                    /2024</u>**

**<u>ચાર્જશીટ નીચે હુકમ::-</u>**

(૧)  આ કામના આરોપીઓ સામે ધી જુગાર ધારાની કલમ–૧૨(અ) મુજબનો શિક્ષાનેપાત્ર ગુન્હો આચરવાનો આક્ષેપ છે.આરોપીઓને કેસ પેપર્સની નકલો મળી ગયાની ખાતરી કરી તેમના વિરૂધ્ધના ગુન્હાની હકીકત વાંચી, સંભળાવી ગુના સબબની પ્લી લેતા ઉપરોકત આરોપી/આરોપીઓએ પોતાની સ્વેચ્છાએ ગુનો કબુલ હોવાનુ જણાવી, આરોપી/આરોપીઓએ અલગથી ગુના કબુલાત પુરસીસ પણ આ કામે રજુ કરેલ છે.

(૨)  સદર કામના કેસ પેપર્સ વંચાણે લીધા. કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લીધી. આરોપીઓની ગુન્હા કબુલાત અને તે અંગેની પુરસીસ વંચાણે લીધી. તેમજ ***નામ. ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવરચંદ હરચંદજી ઠાકોર, ૨૦૦૫(૧), જી.એલ.આર. પાના નં.૭૦૯ તેમજ રમેશચંદ્ર ભીખાલાલ વિ. સ્ટેટ ઓફ ગુજરાત, ૨૦૧૩(૨) જી.એલ.આર. પાના નં.૯૭૪*** ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદાઓ વંચાણે લીધા. સદર કામે આરોપીઓએ ગુન્હાની કબુલાત આપેલ છે, જે તેમની સ્વેચ્છાપુર્વક અને કોઈપણ પ્રકારના દબાણ વગર આપેલ છે. આમ, આરોપીઓની સ્વેચ્છાપુર્વકની કબુલાત તેમજ કબુલાત પુરસીસમાં જણાવેલ કારણો ધ્યાને લેતાં, આરોપીઓની કબુલાત ન માનવાને કોઈ કારણ નથી. વધુમાં નામ. ગુજરાત હાઈકોર્ટ દ્વારા ઉપરોક્ત બંને ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાતો ધ્યાને લેતા તથા કેસના સંજોગો ધ્યાને લેતાં આરોપીઓને કાયદામાં જણાવેલી સજા કરતા ઓછી સજા કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાશે અને સચવાશે તેવુ આ અદાલતનુ નમ્રપણે માનવુ છે. જેથી, ઉપરોક્ત તમામ હકીકતો અને સંજોગો લક્ષમાં લેતાં ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

<u>॥ હુ ક મ ॥</u>

(૧)  આ કામના આરોપીઓને ક્રીમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૫૨ મુજબ જુગાર ધારાની કલમ–૧૨(અ) મુજબના ગુન્હાના કામે દોષિત ઠરાવી પ્રત્યેક આરોપીઓને **રૂ.૨૦૦ (અંકે રૂપિયા બસ્સો પુરાનો)** દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. આરોપીઓ જો દંડની રકમ ન ભરે તો દિન–૨ ની સાદી કેદની સજાનો ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨)  આ કામે કબ્જે કરાયેલ મુદ્દામાલ રોકડ રકમ શ્રી સરકાર હસ્તક ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે. તેમજ આ કામે કબ્જે લેવામાં આવેલ મુદ્દામાલ અંગે વચગાળાનો કોઇ હુકમ કરવામાં આવેલ હોય તો તેને આ હુકમથી કાયમ કરવામાં આવે છે. વિકલ્પે મુદ્દામાલની માલીકીની યોગ્ય ખરાઈ કરી અપિલ સમય વિત્યા બાદ મુદ્દામાલ મુળ માલીકને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે. જ્યારે અન્ય બિન કિંમતી મુદ્દામાલનો અપિલ સમય વિત્યા બાદ નિયમોનુસાર કાર્યવાહી કરી તેનો નાશ કરવો.

આ હુકમ આજરોજ **તા.૨૨મી** માહે **જુન** સને **૨૦૨૪** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સ્પેશ્યલ સીટીંગમાં જાહેર કર્યો.

તા.૨૨/૦૬/૨૦૨૪.
સુરત.

(વિષ્ણુ ડી. દવે)
સાતમાં એડી. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ ક્લાસ,
જજ કોડ નં. જીજે ૦૧૬૪૬,
સુરત.

| | |
|---|---|
| Rs. | |
| R. No. | |